


## રણબીર કપૂરે ફેન્સ સાથે ઉજવ્યો 44મો જન્મદિન



મુંબઈ: રણબીર કપૂરે સોમવાર, 28 સપ્ટેમ્બરના રોજ પોતાના 44મા જન્મદિવસની ઉજવણી કરી હતી અને અભિનેતાએ એ વાતની ખાસ કાળજી રાખી કે તેઓ પોતાના આ ખાસ દિવસને તે લોકો સાથે વહેંચે જેમણે તેમની આખી કારકિર્દી દરમિયાન તેમનો સાથ આપ્યો છે. 'રામાયણ'ના સ્ટાર ચાહકો અને પાપારાજીઓનું અભિવાદન કરવા માટે પોતાના નવા મુંબઈ સ્થિત ઘર 'કૃષ્ણા રાજ'ની બહાર આવ્યો હતો, જેઓ તેમને શુભેચ્છા પાઠવવા માટે બહાર એકઠા થયા હતા. રણબીર ખૂબ જ ઉત્સાહિત મૂડમાં દેખાઈ રહ્યો હતો. કારણ કે, તેમણે ભીડની સામે હાથ હલાવ્યો અને જન્મદિવસની શુભેચ્છાઓ તથા પ્રેમ માટે દરેકનો આભાર માન્યો હતો. ગ્રે કલરના કો-ઓર્ડ સેટ, સફેદ સ્નીકર્સ અને કાળાં ચશ્માંમાં કેઝ્યુઅલ પોશાકમાં સજ્જ આ અભિનેતાએ કેમેરા સામે પોઝ આપતી વખતે પોતાનો અંદાજ સાદો અને હળવાશભર્યો રાખ્યો હતો.

## રકુલ પ્રીત-વાશુ ભગનાનીનાં ઠેકાણાંઓ પર આઈટીના દરોડા



મુંબઈ, તા. 28: આવકવેરા વિભાગે મુંબઈમાં બોલિવૂડ એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ, તેના સસરા અને ફિલ્મ પ્રોડ્યુસર વાશુ ભગનાની તથા પેનોરમા સ્ટુડિયો સાથે જોડાયેલી 12 જગ્યાઓ પર દરોડા પાડ્યા છે. રિપોર્ટ મુજબ, આ કાર્યવાહી સોમવારે ટેક્સ ચોરી, મની લોન્ડરિંગ અને ફંડમાં ગડબડની ફરિયાદ મળ્યા બાદ શરૂ કરવામાં આવી હતી. વિભાગની ટીમોએ એકસાથે તમામ સ્થળો પર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. અધિકારીઓને શંકા છે કે, ફિલ્મ પ્રોજેક્ટ્સ, વિદેશી ડિસ્ટ્રિબ્યુશન અને શૂટિંગના નામે મોટી રકમ વિદેશ મોકલવામાં આવી રહી હતી. વિભાગ હાલમાં નાણાકીય દસ્તાવેજોની તપાસ કરી રહ્યો છે. આવકવેરા વિભાગની કેટલીક ટીમો મુંબઈમાં એકસાથે દસ્તાવેજો, ફાઇનાન્શિયલ રેકોર્ડ્સ અને વિદેશી વ્યવહારોની વિગતોની તપાસ કરી રહી છે.

## અક્ષય ખન્નાએ મુંબઈમાં રૂ. 33.26 કરોડમાં વૈભવી ફ્લેટ ખરીદ્યો



મુંબઈ, તા. 28: અભિનેતા અક્ષય ખન્ના હજી પણ આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર'ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. આ બ્લોકબસ્ટર હિટ ફિલ્મમાં ગેંગસ્ટર રહેમાન ડકૈતની ભૂમિકા ભજવ્યા બાદ અનુભવી અભિનેતાએ કથિત રીતે તેની પછીની ફિલ્મો માટે ફીમાં નોંધપાત્ર વધારો પણ માંગ્યો હતો. આ વ્યાપક પ્રશંસા મેળવ્યા પછી અક્ષય ખન્નાએ મુંબઈમાં રૂ. 33.26 કરોડની કિંમતનું એક ઘર ખરીદ્યું છે. ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન (આઈજીઆર)ની વેબસાઇટ પર સ્ક્વેર યાર્ડ્સ દ્વારા સમીક્ષા કરવામાં આવેલા મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, તેમણે સપ્ટેમ્બર 2026માં મુંબઈના મલાબાર હિલમાં આ ઘર ખરીદ્યું હતું. દસ્તાવેજો અનુસાર, અક્ષય ખન્નાનું નવું લક્ઝરી ઘર 30 લિટલ ગિબ્સ, મલાબાર હિલ રોડ, મુંબઈ ખાતે આવેલું છે.

## સુનીતા આહુજાએ ગોવિંદા ખુશ રહે તેવી પ્રાર્થના કરી



મુંબઈ, તા. 28: બોલિવૂડ અભિનેતા ગોવિંદા અને સુનીતા આહુજા ફરી એકવાર ત્યારે ચર્ચામાં આવ્યા જ્યારે અભિનેતા તેમની અફવાવાળી ગર્લફ્રેન્ડ અને સહ-કલાકાર કોમલ રાની સ્વર્ણકાર સાથે મુંબઈના લાલબાગચા રાજાનાં દર્શને પહોંચ્યો હતો, એ જ દિવસે તેમનાં પત્ની સુનીતા આહુજાએ એકલા પંડાલની મુલાકાત લીધી હતી. હવે સુનીતાએ આ બાબતે પોતાની વાત રજૂ કરી છે. મીડિયા સાથે વાત કરતાં સુનીતાએ કહ્યું, "ગોવિંદા વિશે કે તેની સહ-કલાકાર વિશે કંઈ જ બોલવું નથી. હું જોઈ રહી છું કે, તે ખુશ છે. ભગવાન તેને આશીર્વાદ આપે. તેને જેવી જિંદગી જીવવી હોય તેવી જીવે. કારણ કે, મારે આ બધા પર ધ્યાન નથી આપવું. હું બસ ભગવાનને એટલી જ પ્રાર્થના કરું છું કે તે જ્યાં પણ છે, જેની સાથે પણ છે, ખુશ છે અને ખુશ રહે."





# ઉજ્જૈનમાં માર્ગ પહોળો કરવા મુદ્દે મસ્જિદનો ભાગ હટાવતાં હંગામો

**સિંહસ્થ** કુંભ 2028ની તૈયારીઓ માટે રસ્તો પહોળો કરવામાં આવી રહ્યો છે

**20** લોકો સામે એફઆઈઆર અને 15થી વધુ અટકાયત, હાઈકોર્ટે પરસ્પર સમજુતી બાદ અરજીનો કર્યો નિકાલ

**વહીવટી** તંત્રની અપીલ પર મુસ્લિમ યુવાનોએ સ્વૈચ્છિક રીતે મસ્જિદના નિર્ધારિત ભાગને હટાવવાનું શરૂ કર્યું

ઉજ્જૈન (મ.પ્ર.), તા. 28 (પીટીઆઈ): મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં 'સિંહસ્થ કુંભ 2028' અંતર્ગત કાંઠાલ ચોકથી ગોપાલ મંદિર સુધીના માર્ગને 15 મીટર પહોળો કરવાના પ્રોજેક્ટ હેઠળ છત્રી ચોક સ્થિત આશરે 100 વર્ષ જૂની શાહી મસ્જિદનો અમુક હિસ્સો હટાવવાની કામગીરી દરમિયાન સોમવારે ભારે તંગદિલી સર્જાઈ હતી.

મસ્જિદના એક ભાગને તોડવાનો વિરોધ કરતા કાનૂન-વ્યવસ્થાની સ્થિતિ વણસી હતી અને ટોળાં દ્વારા દિવસમાં બે વાર પોલીસ પર પથરાવ કરવામાં આવ્યો હતો. આ હિંસક વિરોધમાં ક્રાઈમ બ્રાંચના મહિલા પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. પથ્થરમારાના જવાબમાં પોલીસે લાઠીચાર્જ કરી અને ટીયર ગેસના ગોળા છોડી સ્થિતિ કાબૂમાં લીધી હતી.

ઘટના બાદ પોલીસે અફવાઓ અને ભડકાઉ પોસ્ટ ફેલાવવા બદલ સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ સહિત 20 લોકો સામે એફઆઈઆર નોંધી 15થી વધુ લોકોની અટકાયત કરી છે. સમગ્ર વિસ્તારમાં સીસીટીવી અને ડ્રોન કેમેરાથી નજર રાખવામાં આવી રહી છે.

દરમિયાન, મધ્ય પ્રદેશ હાઈકોર્ટે આ મામલે દાખલ અરજીનો નિકાલ કર્યો છે. મધ્યસ્થી અને વહીવટી તંત્ર સાથે થયેલી પરસ્પર સહમતિ મુજબ, મુસ્લિમ સમાજ પોતે જ મસ્જિદનો નડતરરૂપ હિસ્સો (3થી 4 ફીટ) હટાવવા સંમત થયો હતો. જે બાદ સ્થાનિક અગ્રણીઓ અને વહીવટી તંત્રની અપીલ પર મુસ્લિમ યુવાનોએ સ્વૈચ્છિક રીતે મસ્જિદના નિર્ધારિત ભાગને હટાવવાનું શરૂ કર્યું હતું. માર્ગ પહોળો કરવાની આ યોજનામાં કુલ 272થી વધુ માળખાઓ અને 15 ધાર્મિક સ્થળોનો સમાવેશ થાય છે.

# ટ્રમ્પે ચીન પ્રમુખને અમેરિકી હથિયારો ખરીદવાની ઓફર કરી

**પોતાના** મુખ્ય હરીફ સાથે સોદો થાય તો અમેરિકાની દાયકાઓ જૂની ચીન અંગેની વિદેશ નીતિ બદલાશે

**તાઇવાનને** શસ્ત્રો વેચવાના નિર્ણયનો ટ્રમ્પે જિનપિંગ સામે બચાવ કર્યો



વોશિંગ્ટન, તા. 28 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની વાટાઘાટો દરમિયાન તાઈવાનને વેચવામાં આવનારા હથિયારોનો બચાવ કરતા તેને સામાન્ય વેચાણ ગણાવ્યું હતું જે તેઓ વિશ્વભરમાં કરે છે, અને ચીનના પ્રમુખને પોતે પણ અમેરિકી હથિયારો ખરીદવા ઈચ્છે છે કે કેમ તેવી અનોખી પૂછપરછ કરી હતી. ચીન સ્થિત અમેરિકી રાજદૂત ડેવિડ પરડ્યુએ રવિવારે આ ખુલાસો કર્યો હતો.

પરડ્યુએ ફોક્સ ન્યૂઝ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વોશિંગ્ટનમાં યોજાયેલી સત્તાવાર મુલાકાત દરમિયાન ટ્રમ્પે ચીન સામે આ બાબત મૂકી હતી. જો આ પ્રકારનો કોઈ સોદો પાર પડે તો દાયકાઓ જૂની અમેરિકી વિદેશ નીતિ બદલાઈ શકે છે અને અમેરિકાની સંવેદનશીલ સૈન્ય ટેકનોલોજી તેના મુખ્ય હરીફ દેશ સમક્ષ ખુલ્લી પડી જવાનું જોખમ રહેલું છે.

અમેરિકી સાંસદોમાં એવી ચિંતા હતી કે તાઈવાનને અપાતી સૈન્ય મદદમાં વિલંબ ચીનને ખુશ કરવા માટે કરવામાં આવી રહ્યો છે. જોકે, રાજદૂતે આ દાવાને ફગાવતા કહ્યું હતું કે ટ્રમ્પ તાઈવાનની સુરક્ષા પ્રત્યે અત્યંત મક્કમ છે અને તેમણે તાઈવાનને અનેક શસ્ત્રો પૂરા પાડ્યા છે.

બીજી તરફ, ચીને અમેરિકાને તાઈવાનને હથિયારોનું વેચાણ બંધ કરવા સતત દબાણ કર્યું છે. ચાલુ વર્ષે મે મહિનામાં યોજાયેલી શિખર પરિષદ બાદ અમેરિકાએ તાઈવાન માટેના 14 બિલિયન ડોલરના શસ્ત્ર કરાર પર કામચલાઉ રોક લગાવી હતી, જેને ટ્રમ્પે ચીન સાથેની વાટાઘાટો માટે 'મહત્વનો નેગોશિયેશન ચિપ' (વાટાઘાટો દરમિયાન પોતાની શરતો મંજૂર કરાવવા માટેનું સાધન કે મજબૂત પક્ષ) ગણાવ્યો હતો. આ અંગે બીજિંગમાં ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને અમેરિકી રાજદૂતની ટિપ્પણીની સીધી પુષ્ટિ કરી ન હતી, પરંતુ જણાવ્યું હતું કે ચીન પોતાની જરૂરિયાતો મુજબ પોતાની રાષ્ટ્રીય સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરી રહ્યું છે.

# યુપીઆઈ પેમેન્ટ પર ચાર્જ સામે વચગાળાનો સ્ટે આપવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

**કેન્દ્ર** સરકાર, આરબીઆઈ અને એનપીસીઆઈને 4 અઠવાડિયામાં જવાબ આપવા સુપ્રીમની નોટિસ કોર્ટે કહ્યું - આ કાનૂની કરતાં વધુ ટેકનિકલ બાબત

**સરકારે** કહ્યું- આ બેંકો વચ્ચેની સેટલમેન્ટ ફી




નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે 15 ઓક્ટોબરથી 2,000થી વધુ રકમના યુપીઆઈ વેપારી વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર વચગાળાનો સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે.

ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચે આ વ્યવસ્થાને પડકારતી જાહેર હિતની અરજી પર કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ને ચાર અઠવાડિયામાં જવાબ આપવા નોટિસ પાઠવી છે.

એડવોકેટ અંજન દત્તા દ્વારા દાખલ કરાયેલી આ અરજીમાં 14 સપ્ટેમ્બરના નોટિફિકેશન અને 15 સપ્ટેમ્બરના નવા ફ્રેમવર્કને પડકારવામાં આવ્યું છે. વિતેલા છ વર્ષથી ચાલી આવતી ફ્રી યુપીઆઈ સેવા બાદ, સરકારે 2,000થી વધુના વેપારી ચુકવણા પર 0.4 ટકા ફી નક્કી કરી છે, જ્યારે સામાન્ય વ્યક્તિ-થી-વ્યક્તિ (પી2પી) વ્યવહારોને આમાંથી સંપૂર્ણ મુક્ત રખાયા છે. કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એન. વેંકટરામને કોર્ટને જણાવ્યું કે યુપીઆઈ ગેટવે વાપરતા 96 ટકા લોકોને આમાંથી મુક્તિ અપાઈ છે અને સરકાર આમાંથી એક પણ રૂપિયો પોતાના ખાતામાં લેતી નથી. આ બેંકો અને પેમેન્ટ એગ્રીગેટર્સ વચ્ચેની સેટલમેન્ટ ફી છે.

બેંચે આ બાબતને કાનૂની કરતાં વધુ ટેકનિકલ ગણાવી કેન્દ્ર સરકાર પાસે ટૂંક સમયમાં સોગંદનામુ માગ્યુ છે. નવા નિયમ મુજબ 75,000થી વધુના પેમેન્ટ પર મહત્તમ 300ની મર્યાદા રહેશે. જ્યારે રેલ્વે, ટેલિકોમ, પેટ્રોલિયમ અને ખેતી જેવા જરૂરી ક્ષેત્રો માટે રૂ. 5નો ફિક્સ દર રહેશે.

# યુકેના એરબેઝ નજીકથી પકડાયેલા પાંચેય શકમંદો બ્રિટિશ નાગરિકો છે

**બ્રિટનની** ત્રાસવાદ વિરોધી પોલીસ આ તમામની તપાસ કરી રહી છે

**એરબેઝ** બોમ્બ કાવતરામાં પોતાની સંડોવણી હોવાનો ઇરાનનો ઇન્કાર

લંડન, તા. ૨૮(PTI): યુકેની કાઉન્ટર ટેરરિઝમ પોલીસિંગ(CTP) એ સોમવારે જણાવ્યું હતું કે રોયલ એરફોર્સ (RAF) બેઝ પર વિસ્ફોટકોના ખતરાના સંદર્ભમાં આતંકવાદી આરોપો હેઠળ ધરપકડ કરવામાં આવેલા તમામ પાંચેય પુરુષો ૨૦થી ૩૦ વર્ષની વયજૂથના બ્રિટિશ નાગરિકો છે.

દક્ષિણ-પશ્ચિમ ઈંગ્લેન્ડના RAF ફેરફોર્ડ તરફ જઈ રહેલા ત્રણ શંકાસ્પદ વાહનોને રવિવારે સશસ્ત્ર અધિકારીઓએ ઘેરી લીધા બાદ CTP આ તપાસની આગેવાની કરી રહી છે. આ ઘટના બાદ ગ્લોસ્ટરશાયરના વહેલફોર્ડ વિસ્તારમાંથી યુકે એક્સપ્લોઝિવ્સ એક્ટ અને ટેરરિઝમ એક્ટની કલમ ૫ હેઠળ આતંકવાદી કૃત્યની તૈયારી કરવાના શંકાના આધારે પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. CTP એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, [લંડન સ્થિત] આ પુરુષોને પોલીસ એન્ડ ક્રિમિનલ એવિડન્સ એક્ટ(PACE) હેઠળ રાખવામાં આવ્યા છે અને આજે મોડી સાંજ સુધી કસ્ટડી વધારવા અંગેની મંજૂરી મેળવી લેવામાં આવી છે.

# 2 વાર અમેરિકી હુમલામાં બચ્યા મુજતબા ખામેનેઈ

**તેમના** પિતાનો ભોગ લેનાર પ્રથમ હુમલામાં ઇજાઓ સાથે બચી ગયા હતા

**હોસ્પિટલમાં** સારવાર હેઠળ હતા ત્યારે બીજો હુમલો થયો, હોસ્પિટલના કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા: એક વરિષ્ઠ ઇરાની ધર્મગુરુનો દાવો

તેહરાન, તા. ૨૮: ઈરાનના સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનેઈ, અમેરિકા અને ઈઝરાયેલી દળોએ ઈસ્લામિક રિપબ્લિક સામે યુદ્ધ શરૂ કર્યા પછીથી એક નહીં પરંતુ બે વાર અમેરિકી હુમલામાં બચી ગયા હતા.

28 ફેબ્રુઆરીના રોજ થયેલા હુમલામાં તેમના પિતાનું મૃત્યુ થયું હતું, જેમાં આ 56 વર્ષીય ધર્મગુરુને ગંભીર ઈજાઓ પહોંચતા તેહરાનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ, અમેરિકાએ તેઓ જ્યાં દાખલ હતા તે મેડિકલ સેન્ટર પર બોમ્બમારો કરતા તેમને ફરી એકવાર કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, એવું આ અઠવાડિયે કતારી ટેલિવિઝનને આપેલી એક મુલાકાતમાં એક વરિષ્ઠ ઈરાની મૌલવીએ જણાવ્યું હતું.

તેહરાનમાં અલી ખામેનેઈના કમ્પાઉન્ડને નિશાન બનાવીને કરાયેલા હુમલાના દિવસોમાં, જેમાં 86 વર્ષીય સર્વોચ્ચ નેતા તેમના કેટલાક મદદનીશો અને પરિવારના સભ્યો સાથે માર્યા ગયા હતા, બાદમાં અમેરિકા અને ઈઝરાયેલી દળોએ રાજધાનીની ત્રણ અલગ-અલગ હોસ્પિટલોને નિશાન બનાવી હતી.

કતારની માલિકીના 'અલ અરબી' ન્યૂઝ આઉટલેટ સાથે વાત કરતા, ઈરાનની 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ'ના સભ્ય મોહસેન અલેકાસિરે જણાવ્યું હતું કે, મુજતબા ખામેનેઈ ત્રીજી હોસ્પિટલમાં હતા જેને નિશાન બનાવવામાં આવી હતી અને તેમને કાટમાળ નીચેથી બચાવી લેવામાં આવ્યા હતા.

ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ અનુસાર, ત્યાર પછી જુનિયર ખામેનેઈને કોઈ અજાણ્યા સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને ત્યારથી તેઓ કેમેરા સમક્ષ કે જાહેરમાં દેખાયા નથી. અલેકાસિરે આગળ દાવો કર્યો હતો કે 8 માર્ચે સ્ટેટ ટીવી પર જાહેરાત ન થઈ ત્યાં સુધી મુજતબા ખામેનેઈને એ વાતનો પણ ખ્યાલ નહોતો કે તેમને નવા સર્વોચ્ચ નેતા તરીકે વિચારવામાં આવી રહ્યા છે. પરંતુ એકવાર નિર્ણય લેવાઈ ગયા પછી, તેઓ "કાનૂની અને ધાર્મિક રીતે" તેને સ્વીકારવા માટે બંધાયેલા હતા.

# મુંબઈમાં ગટરના મેનહોલમાં બે શ્રમિક પડી જતાં એકનું મોત

**સોસાયટીએ** તેની આંતરિક ગટર લાઇન સાફ કરવા માટે ખાનગી કામદારોને રોક્યા હતા

મુંબઈ, તા. ૨૮ (પીટીઆઈ): સોમવારે મુંબઈમાં ડ્રેનેજ લાઇનની સફાઈ કરતી વખતે હાઉસિંગ સોસાયટી દ્વારા રાખવામાં આવેલા બે શ્રમિક ગટરના મેનહોલમાં પડી જતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બીજાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના સાંતાક્રુઝ (પૂર્વ)માં વી. એન. દેસાઈ હોસ્પિટલની સામે ગોલીબાર રોડ નંબર ૮ પર આવેલી ભવ્યા નિકેતન હાઉસિંગ સોસાયટીમાં બની હતી.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ના ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર, સોસાયટીએ તેની આંતરિક ગટર લાઇન સાફ કરવા માટે ખાનગી કામદારોને રોક્યા હતા.

સફાઈ કામગીરી દરમિયાન એક કામદારે કથિત રીતે બીએમસી અધિકારીઓને જાણ કર્યા વિના મ્યુનિસિપલ ગટરનો મેનહોલ ખોલ્યો હતો, જેના પગલે બે વ્યક્તિઓ તેમાં પડી ગયા હતા.

ફાયર બ્રિગેડના જવાનોએ બંને કામદારોને બચાવી લીધા હતા અને તેમને વી. એન. દેસાઈ હોસ્પિટલ લઈ ગયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેમાંથી એકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો, જ્યારે બીજાને સારવાર માટે હોસ્પિટલના મેડિકલ ઇન્ટેન્સિવ કેર યુનિટ (એમઆઈસીયુ)માં દાખલ કરવામાં આવ્યો છે.

બંને કામદારોની ઓળખ તાત્કાલિક જાણી શકાઈ નથી.

સબર્બન મુંબઈમાં એક સાર્વજનિક શૌચાલયની અંદર કથિત રીતે ઝેરી રસાયણ શ્વાસમાં લેવાથી બે પુરુષોના ગૂંગળામણને કારણે મોત થયાની ઘટનાના એક દિવસ પછી આ દુર્ઘટના બની છે, જેના પગલે પોલીસ, ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સને કામે લગાડવામાં આવ્યા હતા.




# AI ટ્રાફિક કેમેરાની વિચિત્ર ભૂલ

**ગિટારને** 'વિના હેલ્મેટનો સવાર' સમજી 500 રૂપિયાનું ચલણ કાપ્યું!

બેંગલુરુ, તા. 28 (પીટીઆઈ): અહીં પીઠ પર ગિટાર લટકાવીને પોતાની પત્નીનું ટુ-વ્હીલર એકલા ચલાવી રહેલી એક વ્યક્તિને તાજેતરમાં ટ્રાફિક ચલણ જારી કરવામાં આવ્યું હતું, કારણ કે એઆઈ-સંચાલિત કેમેરાએ ગિટારને હેલમેટ વગરના પાછળ બેઠેલા સવાર તરીકે ભૂલથી સમજી લીધું હતું.

સૌવિક દત્તાએ 'એક્સ' પર સોશિયલ મીડિયા પોસ્ટમાં હેલમેટ પહેરીને પીઠ પર ગિટાર લટકાવીને ટુ-વ્હીલર ચલાવતા કેમેરામાં ઝડપાયા હોવાની પોતાની તસવીર પોસ્ટ કરી છે.

આ ઘટના 15 સપ્ટેમ્બર 2026ની છે, ત્યાર બાદ તેની પત્નીને હેલમેટ ન પહેરવા બદલ 500 રૂપિયાનું ટ્રાફિક ચલણ મળ્યું હતું.

બેંગલુરુ ટ્રાફિક પોલીસને ટેગ કરતાં દત્તાએ એઆઈ-સંચાલિત ટ્રાફિક કેમેરા સિસ્ટમમાં કથિત ભૂલ તરફ ધ્યાન દોર્યું અને સત્તાવાળાઓને દંડ રદ કરવા વિનંતી કરી.

તેમની પોસ્ટનો જવાબ આપતાં બેંગલુરુ ટ્રાફિક પોલીસે તેમને ઉલ્લંઘન સુધારણા માટે automationpubbcp@ksp.gov.in પર મેઈલ કરવા અથવા 080-22943381, 22942883 પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

# ઇન્ડસઇન્ડ બેંકના સીઈઓને મતદાર યાદીમાંથી નામ હટાવવાની નોટિસ

**બધા** જ દસ્તાવેજો હોવા છતાં મારે સાબિત કરવું પડે છે કે હું કોણ છું: ચૂંટણી પંચ દ્વારા સુનાવણીમાં હાજર રહેવા સામે ઉઠાવ્યા સવાલ

**જાણે** ઓળખનું સંકટ ઊભું થયું હોય તેવું લાગે છે: રાજીવ આનંદ

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): ઇન્ડસઇન્ડ બેંકના એમડી અને સીઇઓ રાજીવ આનંદે જણાવ્યું છે કે મતદાર યાદીમાંથી તેમનું નામ દૂર કરવા માટે ચિહ્નિત કરવામાં આવ્યું છે અને તેમને મતદાર યાદીમાંથી નામ રદ થતું અટકાવવા માટે સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં તેમણે લખ્યું હતું કે, 'મને કહેવામાં આવ્યું છે કે મારું નામ મતદાર યાદીમાંથી કાઢી નાંખવામાં આવ્યું છે. જ્યારથી હું મતદાન કરવા માટે પાત્ર બન્યો છું ત્યારથી દરેક ચૂંટણીમાં મેં વોટ આપ્યો છે. મારી પાસે પાસપોર્ટ, પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર અને આધાર કાર્ડ જેવા તમામ દસ્તાવેજો છે. છતાં હવે મને સુનાવણી માટે હાજર રહેવા કહેવામાં આવી રહ્યું છે, નહીંતર મારું નામ રદ થઈ જશે. મારે શા માટે જવું જોઈએ?'

તેમણે અન્ય એક પોસ્ટમાં ઉમેર્યું કે ભારતીયો પાસે પોતાની ઓળખ સાબિત કરવા માટે આટલા બધા પ્રમાણપત્રો હોવા છતાં જાણે ઓળખનું સંકટ ઊભું થયું હોય તેવું લાગે છે.

દરમિયાન, મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા (એસઆઈઆર) ઝુંબેશ વચ્ચે, ચૂંટણી પંચે નોટિસ મેળવનારા મતદારોની સુવિધા માટે મહત્વના નિર્ણયો જાહેર કર્યા છે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, અનમેપિંગ અથવા વિસંગતતાઓને કારણે નોટિસ મેળવનાર વ્યક્તિઓએ કાર્યાલયમાં ધક્કા ખાવાની જરૂર નથી. બીએલઓ (બીએલઓ) રૂબરૂ ઘરે જઈને દસ્તાવેજો એકત્ર કરશે અને ઈસીઆઈનેટ પર અપલોડ કરશે. માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ શક્ય હોય ત્યાં ઓનલાઈન સુનાવણી હાથ ધરવામાં આવશે.